RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર


NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 154 Date: 25.03.2024 Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## ગુજરાત સહિત ૯ રાજ્યોમાં ૫ દિવસ હિટવેવનું એલર્ટ



નવી દિલ્હી : ઉત્તર ભારતના રાજ્યોમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. અહીં તાપમાન સતત વધી રહ્યું છે. દેશભરમાં સોમવારે હોળીના તહેવારની ધામધૂમથી ઊજવણી થશે. જોકે, આ વખતે સોમવારે ધુળેટીના દિવસે હળવી ઠંડીના બદલે કાળઝાળ ગરમીની આશંકા છે અને તાપમાન ૪૦ ડિગ્રી સુધી જઈ શકે છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી ગુજરાત સહિત ૯ રાજ્યોમાં હીટવેવની ચેતવણી આપી છે.હવામાન વિભાગે જણાવ્યું હતું કે, ઉત્તર અને પશ્ચિમ ભારતમાં આગામી દિવસોમાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી વધવાની શક્યતા છે. ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ભયાનક ગરમી પડી રહી છે અને પાંચ દિવસ હીટવેવની સ્થિતિ જોવા મળશે. વધુમાં ઝારખંડ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ સહિતના રાજ્યોમાં મહત્તમ તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી સુધી વધવાની શક્યતા છે.પૂર્વોત્તર ભારતમાં પણ આગામી પાંચ દિવસમાં તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી વધી શકે છે. જોકે, રાયલસીમા, કેરળ, તમિલનાડુ, પુડુચેરી સહિત દક્ષિણ ભારતમાં તાપમાન ગરમ અને ભેજવાળું રહી શકે છે. હવામાન વિભાગ મુજબ દેશની રાષ્ટ્રીય રાજધાની ૨૩ માર્ચે લઘુત્તમ તાપમાન ૧૮ જ્યારે મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સુધી પહોંચ્યું હતું, જે સીઝનની સરેરાશ કરતા વધુ છે. ક્લાઈમેટ સેન્ટ્રલના રિપોર્ટ મુજબ ૧૯૭૦ના દાયકામાં માત્ર કેટલાક રાજ્યોમાં જ હોળીના દિવસે તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. આ વખતે મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશ સહિત ૯ રાજ્યોમાં હોળીના દિવસે તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે.

આ રિપોર્ટ મુજબ તાજેતરના દાયકાઓમાં આ મહિને તાપમાનમાં મોટા ફેરફાર જોવા મળી શકે છે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં હાડ થીજાવતી ઠંડી પછી તુરંત કાળઝાળ ગરમી જોવા મળી રહી છે. તેનું કારણ ક્લાઈમેટ ચેન્જ હોવાનું મનાય છે.

## ગાઝાપટ્ટી પર ઈઝરાયેલે બોમ્બ ઝીંકતા ૧૦૦થી વધુનાં મોત



યુએન : છેલ્લાં પાંચ મહિનાથી ચાલી રહેલાં ઈઝરાયલ-હમાસ યુદ્ધનો કોઈ અંત દેખાતો નથી. ઈઝરાયલી બોમ્બમારામાં છેલ્લાં ૨૪ કલાકમાં ૮૨નાં મોત થયા છે. આ સાથે હજી સુધીમાં નોંધાયેલાં મૃત્યુનો આંક ૩૨૦૭૦ સુધી પહોંચી ગયો છે. ઘાયલોની સંખ્યા ૭૪,૨૯૮ થઈ છે. પરંતુ આ આંકડાઓમાં પણ વધારો થવાની ભીતિ રહેલી છે. આમ આ યુદ્ધનો મૃત્યુઆંક ઉત્તરોતર વધી રહ્યો છે.

ગાઝામાં નરસંહાર રોકવા માટે સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં યુદ્ધ વિરામનો પ્રસ્તાવ રજૂ કરાયો હતો. પરંતુ ચીન અને રશિયાએ પોતાનાં 'વીટો-પાવર' વાપરી તે ઉડાડી દીધો. અમેરિકા દ્વારા રજૂ કરાયેલો આ પ્રસ્તાવ ઉડી જતાં હવે ગાઝામાં શાંતિ સ્થાપવી મુશ્કેલ બન્યું છે.૧૫ સભ્યોની બનેલી આ સલામતી સમિતિમાં ૧૧ સભ્યોએ તેની તરફેણમાં મત આપ્યો હતો. ત્રણે વિરોધમાં મત આપ્યો હતો, જ્યારે એક સભ્યે મતદાન કર્યું ન હતું. મતદાન પહેલાં જ રશિયાના યુનો સ્થિત રાજદૂત વાસીલી નોબેન્જિયાએ કહ્યું હતું કે 'રશિયા ગાઝામાં તત્કાળ યુદ્ધ વિરામ થાય તેમ તો ઈચ્છે જ છે, પરંતુ અમારે તે પ્રસ્તાવની ભાષા સામે વિરોધ છે.'આટલું જ નહીં પરંતુ તેઓએ અમેરિકાના વિદેશ મંત્રી એન્થની બ્લિન્કેન અને અમેરિકાનાં યુનો સ્થિત રાજદૂત લિંડા-થોમસ-ગ્રીન ફીલ્ડ ઉપર રાજકીય કારણોસર જ આંતરરાષ્ટ્રીય સમુદાયને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કર્યો હતો. આ પૂર્વે ગ્રીનફીલ્ડે કહ્યું હતું કે તેઓને આશા છે કે નવા મુસદ્દા સાથે ઘડાયેલો આ યુદ્ધ વિરામ પ્રસ્તાવ શુક્રવારે સલામતી સમિતિમાંથી પસાર થઈ જશે. પરંતુ તેવંઆ થઈ શક્યું નથી.

## ધ્રૂજાવી દેનારી ઘટના : ચાર્જિંગ પર લાગેલો મોબાઈલ થયો બ્લાસ્ટ, આગ લાગતા ચાર બાળકોના મોત



ઉત્તરપ્રદેશના મેરઠમાં મોદીપુરમની જનતા કૉલોનીમાં ભાડાના મકાનમાં રહેતા શ્રમિકના ઘરમાં શોર્ટ સર્કિટથી મોબાઈલમાં બ્લાસ્ટ થઈ ગયો અને રૂમમાં આગ લાગી ગઈ. રૂમમાં હાજર ચાર બાળકો ગંભીર રીતે દાઝી ગયા હતા. બાળકોને બચાવવા પહોંચેલા દંપતી પણ દાઝી ગયા હતા. લોકોએ પોલીસને માહિતી આપી અને આગ પર કાબૂ મેળવ્યો. પોલીસે તમામને ખાનગી હોસ્પિટલ અને બાદમાં મેડિકલમાં દાખલ કરાવ્યા, જ્યાં સારવાર દરમિયાન ચારેય બાળકોના મોત થયા હતા. ૨૪ કલાકમાં ચાર બાળકો દુનિયા છોડીને ચાલ્યા ગયા. બાળકોની માતાને ગંભીર હાલતમાં દિલ્હીના એઈમ્સમાં દાખલ કરાઈ છે, જ્યારે પિતાની હાલત ગંભીર છે, જેઓ મેડિકલમાં દાખલ છે.મુઝફ્ફરનગર જિલ્લાના સિખેડા નિવાસી જોની (૪૧) મજૂરી કામ કરે છે. તેમની પત્ની બબીતા (૩૭) અને ચાર બાળકો સારિકા (૧૦), નિહારિકા (૮), ગોલૂ (૬) અને કલ્લૂ (૫)ની સાથે મોદીપુરમની જનતા કોલોનીમાં એક મકાનમાં ભાડે રહેતા હતા.જણાવાયું છે કે, શનિવાર સાંજે બાળકો રૂમમાં રમી રહ્યા હતા. રૂમમાં બેડ પર વાયર વિખેરાયેલા હતા અને બાળકો મોબાઈલ ચાર્જર વીજળી બોર્ડમાં લગાવી રહ્યા હતા. ચાર્જર લગાવવા દરમિયાન શોર્ટ સર્કિટ થઈ ગઈ. વાયરમાં આગ લાગવાથી મોબાઈલમાં બ્લાસ્ટ થયો અને બેડમાં આગ લાગી ગઈ.ત્યાં, આગથી ઘેરાયેલા બાળકોએ ચિચિયારીઓ પાડવાનું શરૂ કરી દીધું. બ્લાસ્ટ અને બાળકોનો અવાજ સાંભળીને જોની અને બબીતા રસોડાથી રૂમ તરફ દોડ્યા. બંને બાળકોને આગથી દાઝી ગયેલી હાલતમાં બહાર કાઢ્યા. બાળકોને બચાવવા દરમિયાન બબીતા અને જોની પણ ગંભીર રીતે દાઝી ગયા. જોનીના ઘરેથી ચિચિયારીઓનો અવાજ સાંભળીને પાડોશીઓ પણ દોડી આવ્યા.પોલીસ અધિકારી મન્નેશ કુમારના અનુસાર, સારવાર દરમિયાન સારિકા અને કલ્લૂનું મોત થયું છે.

## કોણ છે અજય રાય? જેમને બે પરાજય છતાં PM મોદી સામે ચૂંટણી મેદાનમાં ઉતારી રહી છે કોંગ્રેસ





કોંગ્રેસે શનિવારે પ્રદેશ અધ્યક્ષ અજય રાયને વારાણસી લોકસભા બેઠક પરથી ઉમેદવાર જાહેર કર્યા છે. તેઓ સતત ત્રીજી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડશે. અજય રાયનું નામ પહેલેથી જ નક્કી માનવામાં આવતું હતું. તેઓ ૨૦૧૪ અને ૨૦૧૯માં પણ ચૂંટણી લડી ચૂક્યા છે. બંને ચૂંટણીમાં તેઓ ત્રીજા સ્થાને હતા. પ્રદેશ અધ્યક્ષ અજય રાયે જણાવ્યું હતું કે, 'કોંગ્રેસ પાર્ટીએ આપેલી જવાબદારી હું પૂરી મહેનતથી નિભાવીશ. આ વખતે ચૂંટણીમાં પરિણામો અલગ હશે અને મને વિશ્વાસ છે કે બનારસની જનતા મને આશીર્વાદ આપશે. 'વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે અજય રાયને ભાજપના વડાપ્રધાન પદના દાવેદાર અને ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે મેદાનમાં ઉતાર્યા હતા. આમ આદમી પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલ પણ ચૂંટણી લડ્યા હતા અને બીજા નંબરે આવ્યા હતા. અજય રાય ત્રીજા સ્થાને હતા. વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં પણ અજય રાય ત્રીજા સ્થાને રહ્યા હતા. તે ચૂંટણીમાં સપાની શાલિની યાદવ બીજા સ્થાને રહ્યા હતા. ત્યારબાદ સપા અને બસપા વચ્ચે ગઠબંધન થયું હતું. હવે ફરી એકવાર કોંગ્રેસે અજય રાયને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. આ વખતે કોંગ્રેસનું સપા સાથે ગઠબંધન છે.કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાયે તેમની રાજકીય કારકિર્દી ભાજપમાંથી શરૂ કરી હતી. વર્ષ ૧૯૯૬થી ૨૦૦૭ સુધી તેઓ ભાજપની ટિકિટ પર સતત ત્રણ વખત ધારાસભ્ય રહ્યા હતા. વર્ષ ૨૦૦૯માં તેમણે પાર્ટી પાસેથી લોકસભાની ટિકિટ માંગી હતી.

## મોસ્કો આતંકી હુમલોઃ ૨૮ લોકોના મૃતદેહ બાથરુમમાંથી મળ્યા, વિડિયોમાં એક આંતકી મૃતદેહનુ ગળુ કાપતો જોવા મળ્યો

મોસ્કો, તા. ૨૪ માર્ચ, ૨૦૨૪

આ હુમલામાં ૧૪૫ જેટલા લોકોના મોત થયા છે અને સેંકડો લોકો ઘાયલ થયા છે. જેઓ હોસ્પિટલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. ઈસ્લામિક સ્ટેટ-ખોરાસને આ હુમલાની જવાબદારી લીધી છે. આ હુમલાની ભયાનકતા હવે બહાર આવી રહી છે. મોસ્કોના કોન્સર્ટ હોલમાં વોશરુમમાંથી ૨૮ અને દાદર પરથી ૧૪ મૃતદેહો મળ્યા છે અને તેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે.હુમલાખોરોએ ફાયરિંગ કર્યા બાદ પેટ્રોલ છાંટીને હોલમાં આગ લગાડી હતી અને તેના કારણે પણ મૃત્યુઆંક વધ્યો છે. ઈસ્લામિક સ્ટેટ દ્વારા આ હુમલાના વિડિયો પણ વાયરલ કરવામાં આવ્યા છે.જેમાં જોઈ શકાય છે કે, એક આતંકીએ તો મરેલા લોકોને ફરી ગોળીઓ મારી હતી. ચાર આતંકીઓ હાથમાં બંદુકો અને ચાકુ લઈને ચારે તરફ ફરી રહ્યા છે.વિડિયોમાં એક આતંકી તો મૃતદેહનુ ગળુ કાપતો પણ નજરે પડી રહ્યો છે. તેને વિડિયોમાં ચીસો પાડતા જોઈ શકાય છે. ઈસ્લામિક સ્ટેટે વિડિયો જાહેર કરવાની સાથે સાથે આતંકીઓના ચહેરાને બ્લર કરી દીધા છે અને તેમના અવાજને પણ બદલી નાંખ્યા છે.

## હોળી સ્પેશ્યલ

**વસૂકી ગયેલા વક્તાનું ગીત !!!**

કોક તો ભાઈ બોલવા બોલાવો  
કાટ ખાઈ ગ્યા છે મારા હોઠના મીજાગરા તે શ્રોતા સૂંઘાડી ખોલાવો  
કોક તો ભાઈ બોલવા બોલાવો

ભૂલી ગ્યા આપશ્રીની પેઢીયુની પેઢીયુને મોટીવેટ કરવા હું આવતો  
ગમ્મે તે વિષય પર તૂટી પડતો ને આખા ગામની સભાયું ગજાવતો

એવું ને એવું છે જોમ હજુ મારામાં તાળીયુના ત્રાજવે તોલાવો

કોક તો ભાઈ બોલવા બોલાવો

આંખ સામે પડછાયા જોયા નથી કે મેં તો જીભને'ય જંપવા ક્યાં દીધી ?  
કાનને હું ગલગલીયા કેટલા કરાવતો'તો વાત ભલે હોય સાવ સીધી

તેમ છતાં તમને જો બુઠ્ઠી લાગે તો મારી વૈખરીને સંચે છોલાવો

કોક તો ભાઈ બોલવા બોલાવો

ચોકના મદારીથી મોંઘેરા માતમાઓ બોલી બોલીને બોર વેચતા  
એ રીતે વાણીને બે હાથે દોઈ દોઈ આપણે'ય ભાષણને ખેંચતા

અઢળક સન્નાટાની સિંગો ઉતરે છે હવે,આવીને કોક તો ફોલાવો.

કોક તો ભાઈ બોલવા બોલાવો

કૃષ્ણ દવે



જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન દ્વારા ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ સોશીયલ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.આજ રોજ એશોસીએશનના સભ્યોએ, ગાંધીનગરમાં આકૃવેલી સમર્પણ મૂક બધિર શિશુ વિદ્યામંદિર ખાતે જેઓ જન્મજાત સાંભળી કે બોલી શકતા નથી તેવા બાળકો સાથે હર્ષોલ્લાસ સાથે એક બીજાને રંગબેરંગી કલરો છાંટીને હોળી રમ્યા હતા.આ બાળકોએ પણ નાચતા કુદતા,ગરબા ગાતા ગાતા હોળી નો તહેવાર મનાવ્યો હતો.એશોસીએશન દ્વારા મુખ્ય ઈજનેર શ્રી ડી .એચ.વસાવા તથા હોદ્દેદારોના હસ્તે બાળકોને રમતગમત ના સાધનો ભેટ આપવામાં આવ્યા હતા. બાળકોને કોલ્ડ્રીંક,ખજૂર, ધાણી વહેંચવામાં આવ્યા હતા.હોળી ઉજવણી દરમ્યાન બાળકોએ વિવિધ રમતો રમ્યા હતા.આ સામાજીક પ્રવૃત્તીમાં એશોસીએશનના એડી.જનરલ સેક્રેટરી સર્વ શ્રી અશોક લીબાચીયા અને એમ.જે.પટેલ,ઝોનલ સેક્રેટરી શ્રી સી. એસ.પટેલ, સર્કલ સેક્રેટરી શ્રી જી.એસ.પટેલ સહિત મોટી સંખ્યામાં ઈજનેરો જોડાયા હતા.અશોક ઝેડ લિંબચિયા

## ટાટા ગ્રુપની કંપની ટાટા કેમિકલ્સને આવકવેરા વિભાગ તરફથી નોટિસ મળી

નવીદિલ્હી,

ટાટા ગ્રુપની કંપની ટાટા કેમિકલ્સને આવકવેરા વિભાગ તરફથી નોટિસ મળી છે. આવકવેરા વિભાગના નિયમોના ઉલ્લંઘન બદલ ટાટા કેમિકલ્સ પર ૧૦૩.૬૩ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ટાટા કેમિકલ્સે શેરબજારને કરેલી વાતચીતમાં જણાવ્યું હતું કે તેને આવકવેરા વિભાગના નેશનલ ફેસલેસ એસેસમેન્ટ સેન્ટર તરફથી ઓર્ડર મળ્યો છે. આવકવેરા વિભાગના આ આદેશમાં, કલમ ૩૬ (૧) હેઠળ વ્યાજની મંજૂરી ન આપવા બદલ આવકવેરા કાયદાની કલમ ૨૭૦ છ (૩) હેઠળ ૧૦૩.૬૩ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ નોટિસ અંગે ટાટા ગ્રૂપે કહ્યું છે કે તેના વકીલની સલાહ લીધા બાદ તે આ આદેશ વિરુદ્ધ નેશનલ ફેસલેસ અપીલ સેન્ટર સમક્ષ અપીલ કરવાની યોજના બનાવી રહ્યું છે. કંપનીએ કહ્યું કે તેને અપીલકર્તા સત્તાવાળાઓ તરફથી અનુકૂળ આદેશની અપેક્ષા છે.કંપનીએ નેશનલ સ્ટોક એક્સચેન્જને નોટિસ મોકલીને આ માહિતી આપી છે

### અંક બંધ

**ધુળેટી પર્વ હોવાથી તા.૨૫-૩-૨૪ સોમવારના રોજ ન્યુઝ ઓફ ગાંધીનગર સંપૂર્ણ રજા પાળશે તા.૨૭ બુધવારથી રાબેતા મુજબ ચાલુ રહેશે જેની નોંધ લેવી**

**- વ્યવસ્થાપક**

તંત્રી લેખ......

## ભારતના વિદેશી હૂંડિયામણ ભંડોળમાં અબજો ડોલરનો વધારો

વિદેશી હૂંડિયામણ ભંડોળમાં સતત ચોથા સપ્તાહમાં વધારો જોવા મળ્યો છે. ૧૫ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણ ૬.૩૯૬ બિલિયન ડોલર વધારા સાથે ૬૪૨.૪૯૨ બિલિયન ડોલર થઈ ગયું છે. ભારતીય રિઝર્વ બેંકે શુક્રવારે જણાવ્યું હતું કે એક સપ્તાહ અગાઉ દેશનો કુલ વિદેશી હૂંડિયામણ ભંડોળ ૧૦.૪૭ અબજ ડોલર વધીને ૬૩૬.૦૯૫ અબજ ડોલર થયો હતો. ઓક્ટોબર ૨૦૨૧માં દેશની વિદેશી હૂંડિયામણ ભંડોળ ૬૪૫ બિલિયન ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું, પરંતુ વૈશ્વિક વિકાસના કારણે દબાણો વચ્ચે સેન્ટ્રલ બેંકે રૂપિયાના ઘટાડાને રોકવા માટે મૂડી અનામતનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે અનામતમાં થોડો ઘટાડો થયો હતો. રિઝર્વ બેંકના ડેટા અનુસાર, ૧૫ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં ફોરેન કરન્સી એસેટ ૬.૦૩૪ બિલિયન ડોલર વધીને ૫૬૮.૩૮૬ બિલિયન ડોલર થઈ ગઈ છે. ફોરેન એસેટ ડોલરમાં નામાંકિત થાય છે જેમાં વિદેશી હૂંડિયામણ અનામતમાં રાખવામાં આવેલી યુરો, પાઉન્ડ અને યેન જેવી બિન-યુએસ કરન્સીમાં ચલણની અસરનો સમાવેશ થાય છે.

રિઝર્વ બેંકે શું કહ્યું જે વિષે જણાવીએ, રિઝર્વ બેંકે કહ્યું કે સપ્તાહ દરમિયાન સોનાના ભંડોળનું મૂલ્ય ૪૨૫ મિલિયન ડોલરથી વધીને ૫૧.૧૪ બિલિયન ડોલર થયું છે. રિઝર્વ બેંકે કહ્યું કે સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (જીડ્ઢઇ) ૬૫ મિલિયન ડોલર વધીને ૧૮.૨૭૬ બિલિયન ડોલર થઈ ગયું છે. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (ૈંસ્હ્લ) પાસે ભારતની અનામત થાપણો પણ સમીક્ષા હેઠળના સપ્તાહમાં ૧૨૯ મિલિયન ડોલર વધીને ૪.૬૮૯ બિલિયન ડોલર થઈ ગઈ છે. સતત ત્રીજા સપ્તાહે વિદેશી હૂંડિયામણ ભંડોળમાં વધારો જોવા મળ્યો હતો. આ ત્રણ સપ્તાહમાં વિદેશી હૂંડિયામણમાં ૨૦ અબજ ડોલરનો વધારો જોવા મળ્યો હતો. તેના એક સપ્તાહ પહેલા દેશનો કુલ વિદેશી હૂંડિયામણ ૬.૫૫ અબજ ડોલર વધીને ૬૨૫.૬૨૬ અબજ ડોલર થયો હતો. તે પહેલા ફોરેક્સ રિઝર્વમાં લગભગ ૩ બિલિયન ડૉલરનો વધારો થયો હતો, જેના કારણે દેશની કરન્સી રિઝર્વ ૬૧૯.૦૭ બિલિયન ડોલર થઈ ગઈ હતી.

# ટ્રાફિક સિગ્નલની લાલ, પીળા , ઓરેન્જ લાઇટ, સિગ્નલો, માણસો વગેરે હટાવી બંદૂકવાલે બાબા હાયર કરી દો!!!

પાણીના રેલાની જેમ ટ્રાફિક ચાલશે!!'

કોઈ દિવસ ટ્રાફિકના ચક્રવ્યૂહમાં ફસાયા છો?ટ્રાફિકની લીલી લાઈટ થયા પછી લાલ લાઈટ થાય. પાછી લીલી લાઈટ થાય અને પાછી લાલ લાઈટ થાય. આટલું વાંચતા થાકી જાવ તો ટ્રાફિકમા ફસાયેલ વલે શી થતી હશે ?)આવું ત્રણ વાર થાય તો તો પણ ટ્રાફિકમાં ફસાયેલ વાહન નીકળી ન શકે .ત્યારે હાથની મુઠ્ઠીઓ વાળવા સિવાય તમે કાંડ કરી શકો નહીં. બહુબહુ તો તમે બે હાથની હથેળી નિરાશાથી ઘસી શકો . તમે ગાડીની બહાર નીકળી તમારી ઈચ્છાનુસાર સ્વરૂચિ અનુસાર ડાબા કે જમણા પગને ગોઠણથી અંદર વાળીને તબિયતથી વૈશાખીનંદનની માફક ફ્રી હેન્ડ ડીઝાઈન સ્ટાઈલથી લાત ઉછાળી શકો. તમારી આંગળના વાહન આગળ વધતા ન હોય તેને મોટા અવાજે મણમણની ગાળ ( કારની બારીના કાચ બંધ કરીને સ્તો વળી!! હવે તો ક્વિન્ટલ કે ખાંડી ભરીને ગાળ સલામત રીતે ચોપડાવી શકો!!! કારની બારીના કાચ બંધ,સલામત ગાળ એવું સૂત્ર મંત્ર તરીકે વાયરલ કરી શકાય!!!)આ સમયે ભગવાન દર્શન દેવા આવે તો કાચ ખોલવાનું મન થાય નહીં!!રસ્તે કેટલાક નાની મોટી વસ્તુ વેચીને પેટિયું રળતા હોય તો આપણે તેની વસ્તુ ખરીદતા નથી. બીજું બાજુ કોઈ વ્યક્તિ ભીખ માંગતી હોય તો '' હતો કટો છે,ભીખ માંગતા શરમ નથી આવતી ? કોઈક કામ ધંધો કર'' તેવી સુફિયાણી સલાહ આપીએ છીએ . સ્વાશ્રયી વ્યક્તિને મદદ કરતા નથી.

હાઈ વે પર અકસ્માત કે બીજા કારણસર વાહનોનો ખડકલો થઈ જાય છે. ટ્રાફિક ઓવરજામમાં ઓવર ટેઈક કરવાની ખંજવાળ આવે છે. વાહન ઓવરટેઈક પણ કરીએ છીએ. આગળ એવા ફસાઈએ છીએ કે આગળ કૂવો અને પાછળ ખાઈ જેવી દશા થાય. ત્યારે બોધિવૃક્ષ નીચે બેઠા વગર પૂનમ નહીં પણ અમાસના દિવસે જિંદગીમાં શોર્ટ કટ લાંબાગાળે લોંગેસ્ટ પુરવાર થાય છે તેનો આધ્યાત્મિક અહેસાસ થાય છે. આગે ભી જાને ન દૂ, પીછે આને દે ગીત કોઈ પ્રેમગીત નથી પણ અકસ્માતમાં ફસાયેલ આત્માની કકળાટ કથા છે!!! ત્યારે મનમાં એક જ વિચાર આવે છે કે ક્યારે રાહત મળે!! લગભગ આવું જ સેન્શેસન કુદરતી હાજતના પ્રચંડ પ્રેસર સમયે અનુભવાય છે. પ્રસૂતાની પીડા વંધ્યા શું જાણે એવું પણ કહેવાય છે. આ જ બાબત સેઈમ ટુ સેઈમ ટ્રાફિકમાં ફસાયેલને લાગુ પડે છે!!ત્યારે એવું થાય કે ફૂગ, વાયરસ, રોગોના જંતુ શોધવામાં જિંદગી બગાડતા વૈજ્ઞાનિકો વાહનમા ફલાઈંગ ગિયર લગાવવા જેવી ઢંગની શોધ કરે તો તેના પરમ પૂજય ફાધરનો કયો ગિરાસ લૂટાઇ જતો હશે?? ટ્રાફિકમાં ફસાયેલ જીવો સુલભ શૌચાલયની બહાર તેનો વારો આવે તેની રાહ જોતાં હોય ત્યારે તેના

ટ્રાફિક સિગ્નલ એ જગતની બોરીંગતમ જગ્યા છે. કબૂલ છે કે ઘરમાં મહેમાન આવ્યા હોય તો ટ્રાફિક સર્કલે ફેરવડાવીએ. શું કીધું હવે કયાં ફરવાલાયક ડેસ્ક્ટિનેશન નથી! મેં કીધું કે ભૈ નવરા છીએ તો પગ છૂટે કરવા ટ્રાફિક સિગ્નલ જઈ આવીએ એવું કોઈ નહી કહે, શું કહો છો , રાજુ રદી ભૈ?? કેમ કે, ટ્રાફિક સિગ્નલે પગ છૂટો થવાના બદલે બંધાઈ જાય છે. મહિલા ન હોવા છતાં પગ ભારે થઈ જાય છે!!!

ટ્રાફિક સિગ્નલે ફસાયા હોય અને કવિ સુરેશ દલાલ સાહેબ યાદ આવ્યા વગર રહે ખરા ?એમની રચના ફેરફાર સાથે રજૂ. '' કોઈ ટ્રાફિક જંકશને , ઊભો સાંજ-સવારે, સિગ્નલ ખુલે તેની રાહ જોઉં છું. બીજા કવિ હરિન્દ્ર દવે સાહેબને યાદ કરો. ' મારાય ટ્રાફિક સિગ્નલ પર ગ્રીન લાઈટ છે, મને રેડ લાઈટની બીક ન બતાવો!''સુરેશ દલાલ સાહેબ અને હરિન્દ્ર દવે સાહેબ યાદ કરો તો રમેશ પારેખ સાહેબ ઝાલ્યા રહે? '' ધીમે ધામે ટ્રાફિક સિગ્નલની લાલ-લીલી લબુકઝબુક લાઈટની સાખે તને ફલાઈંગ કિસ દીધાનું યાદ છે!

ટ્રાફિક સિગ્નલે જે જીવ ફસાયો હોય તેને ભગવાન વિષ્ણુ ગરૂડ પર આરૂઢ થઈને સ્વયં આવે તો પણ ગજેન્દ્રમોક્ષની જેમ ટ્રાફિકમોક્ષ કરાવી શકતા નથી.ટ્રાફિક સિગ્નલે ફસાયા હોય ત્યારે ઓટોમેટિક કારને બદલે કોઈ કાર કંપની ફલાઈંગ ગિયરવાળી ગાડી કેમ બજારમાં મુક્તા નથી તેનો ભરચક અફસોસ, ગ્લાનિ અને વિષાદ થાય છે. સાલ્લું રામાયણમાં ટ્રાફિકકાંડ કે ભગવદ્ ગીતામાં ટ્રાફિક યોગ કે ઘોંઘાટ સ્થિતપ્રજ્ઞયોગ કેમ નથી તેવા પાયાના પ્રશ્નો થાય છે!! ટ્રાફિક સિગ્નલે તમે ઉભા રહો ત્યારે કારનું એન્જિન બંધ કરી દો છો . અગર કારનું એન્જિન ચાલુ રાખો છો. ( આમાં શું નવું ઉવાચ , ગિરધરલાલ ગરબડીયા ?) ખાલી ખાલી સાહેબની જેમ ફેંકાફેંક કરો છો- મિસ્ટર ગરબડીયા !!!)તમે કરકસરના હિમાયતી હોઉં તો એસી બંધ કરી બાકીનો કાચ ખોલી નાખો છો. કારની બહાર ભીખારીઓની લંગાર હોય છે!! જાતજાતનું વેચવાવાળા સેલ્સમેનશીપ બતાવતા રહે છે. તમે કારના કાચ બંધ કરીને બેસ્યા હો તો તમે જાકીર હુસેનના સીધી લીટીના વારસદાર હો તેમ આંગળીથી સ્ટિયરીંગને તબલા માની તબલા વગાડો છો. વનરાજ જેમ બગાસા ખાવ છો. તમે બંને હાથના આંગળા એકમેકમાં ભરાવીને ટચાકા ફોડો છો. તમે એક વસ્તુ માર્ક કરી હોય તો સુખનો સમય માનો ઘડીબેઘડીનો હોય તેમ ઝપાટાભેર પસાર થાય છે. દુખનો સમય ચંદક્ષણોનો હોય તેમ યુગોયુગોનો હોય તેમ મંથરગતિએ પસાર થાય છે!! તમે આદુબાજુના વાહનોમાં નજરનો કેમેરો ફેરવો છો. કોઈ મુગ્ધાનું રસપાન કરો છો. તમારી નજર સિગ્નલ પર હોય છે. જેવી લીલી લાઈટ બ્લિન્ક થાય એટલે એનધેન દીવાધેન કરીને વાહનોના ઘોડા વછૂટે છે. આંગળના વાહનો કેમ ખસતા નથી તેની અકળામણ થાય છે. પાછળના વાહનોના હોર્ન રણભેરીની જેમ ગૂંજતા રહે, બ્રેક અને એકસિલીટર પર પગ રાખીને ભાગવાની ફિરકામાં હોય છે. જો લીલી લાઈટ બંધ થાય અને પાંચ સેકન્ડના ઓરેન્જ લાઈટની વાતરણી તરવા ભગીરથ પ્રયાસો કરો છો. ઓરેન્જ લાઈટ બંધ થાય એટલે બાર વહાણ ડુબી ગયા હોય તેવી નિરાશા નિષ્પન્ન થાય છે!!

મહારાષ્ટ્રમાં થતા છૂટાછેડાના કુલ કેસોમાં ૩૦% કેસો ટ્રાફિકજામને કારણે થાય છે તેવો દાવો કરવામાં આવે છે.છે. ટ્રાફિક સિગ્નલોના કારણે સ્વગૃહે વિલંબથી પરત થતા પતિદેવોની પત્ની દ્વારા લેફટરાઈટ લેવાય છે. ટ્રાફિક સિગ્નલને કારણે બધા પરેશાન થાય છે. રાતના સૂમસામ સમયમાં. બે-ત્રણ વાગ્યાના સુમારે. વાહન તો શું વાહનનું ટાયર પણ દૂરદૂર દ્રષ્ટિગોચર થતું ન હોય. પાડાને કાંધ મારે એવી રાતે. બીએસએનએલનો અહર્નિશ સેવામહેનો મંત્ર આત્મસાત કરી આપણી આગવી પોલીસ ટ્રાફિક નિયમન કરતી હોય. રાતના સમયે ઉંઘવાના બદલે આંખમાં ફરજ પરસ્તીનું આંજણ આંજી ફરજ બજાવતી હોય. કેવા ગૌરવ અને ગર્વની બાબત કહેવાય.

'ટ્રાફિકના પીક અવરમાં પોલીસ ગાયબ હોય અને ટ્રાફિક રામ રહીમ જીસસ ભરોસે હોય'

આ કોણ બોલ્યું? આવું કોચું કેમ બોલો છો,ભાઈ? હમણા હેલ્મેટ કે માસિકના મેમામાં મુંડાયા હો એટલે પ્રેમાળ( હે! પોલીસ દાદા ક્યારે પ્રેમાળ થયા? ચાલો દાદાની મૂ?છ ખેંચીએ! ઘોડો ઘોડો રમીએ. દાદાનો ડંગોરો લઈ ઉઘરાણું કરીએ!!છેલુલું વાક્ય રદ ગણવું. અબ્રહ્મણ્ય, જિહ્વાનો દોષ છે.શાંતમ્ પાપમ્!)દાદાની ભૂલો શોધવાની?? માનો કે થોડી ટટકાડી હોય! ભાઈ ડયૂટીનો સ્ટ્રેસ કેટલો હોય! સાહેબો તો સકકરમી! નીચેનો સ્ટાફ અક્કર્મી. સાહેબની જીભ હુકમ કરે એમ અકકરમીના ટાંટિયા હુકમની તામિલ કરે!!

રાતના ત્રણ વાગ્યે મુસ્તેદીથી પોલીસ ટ્રાફિકનું નિયમન કરતી હોય. કોઈ મહિલા ટ્રાફિક સિગ્નલ જંમ્પ કરે. તેને પકડવા બાહોશ પુરૂષ કર્મચારી રાજપૂત યોધ્ધાની જેમ કેસરિયા કરે. કેસરિયા રાજમાં કેસરિયા કરો તો મનભાવન પોસ્ટિંગ મળે. ભરણું જવા દોને એ વાત!! ફરજનિષ્ઠ પોલીસ કર્મચારી ફરજ પર હોય ત્યારે ગુનેગાર સ્ત્રી કે પૂરૂષ છે તેવા ક્ષુલ્લક વર્ગીકરણ શું કામ કરે? એ તો અર્જુન જેમ માત્ર આંખ એટલે ગુનેગાર જુએ કે બીજી આભાર - નિહારીકા રવિયા પિષ્ટપેષણ કરે. પકડાયો તહોમતદારને પીપી આપે.ભાઈ પીપીને એક અર્થ ન હોય! પીપી એટલે પોલીસ પ્રસાદ. આ પ્રસાદ સીંગ ,સાકરીયા, સુખડી, ખીચડી , લાપશી નારિયેળ, મોહનથાળ જેવો પ્રસાદ ન હોય!!' રાત્રિના સમયે ટ્રાફિક સિગ્નલ બંધ હોય તો સિગ્નલ જંપ કરવાનો સવાલ કયાંથી આવે? આ ગુનામાં ચલન કે મેમો ફાડવાનો હોય, વાહન ડીટેઈન કરવાનું હોય. ગુનેગારની ધરપકડ કે મારપીટનો સવાલ કયાંથી આવે? રાત્રિ દરમિયાન ગંભીર ગુના સિવાય મહિલાની ધરપકડ કરી ન શકાય!'

આ કોણ બોલ્યું? દેશદ્રોહી રાષ્ટ્રદ્રોહી?તમે ગાંઠિયાની લારી ચલાવતા હો અને ગાંઠિયાનો લોટ બાંધતી વખતે ધોવાનો સોડા કેટલો નાંખવો તેના માટે પોલીસદાદા કોઈ દિવસ કંઈ કરતાં કંઈ કહે છે? તો પછી અમારા કામમાં શેના ડબકા મુકો છો?ટ્રાફિક સિગ્નલ બંધ હોય તો સિગ્નલ જંપ વર્ચ્યુઅલ ન થાય પણ રિયલમાં થાય કે નહીં?ટ્રાફિકના કાયદાનો ભંગ એ ગંભીર ગુનો ન કહેવાય? ટ્રાફિકના કારણે કુલ છૂટાછેડા ૩% ટ્રાફિકના કારણે થાય છે!!

હમણા એક ભાઉએ અંક પૈસાના ખર્ચ વિના ટ્રાફિકનું ધારદાર, અસરદાર, શાનદાર પરિણામલક્ષી નિયમન કર્યું. વાતમાં મોણ નાંખવાનું રહેવા દો. મલાવા ન કરો. સીધી વાત કરો. નો બકવાસ નો બદહવાસ!!! ટ્રાફિક નિયમન માટે કેમેરા નંબર પ્લેટ કેપ્ચર કરે તેવા એપીએનઆર કેમેરા, નાઈટવિઝન કેમેરા,સ્ટોપ પાઈનના પટા, સફેદ ઝીબ્રા, ટ્રાફિક પોલીસ, ચકલી પોલીસ, ટીઆરબી જવાન -આ બધા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર છે ખરી?? ટ્રાફિકમાં પંદર વીસ મિનિટથી ફસાયેલ મહાશયની ડાગળી ચસકી!!! તેણે પગપાળા ટ્રાફિક સર્કલ ધસી જઈ , ખિસ્સામાં હાથ નાંખી કંઈક કાઢ્યું. તેને હવામાં લહેરાવી. પછી ટ્રિગર દબાવી. ગનની ગોળી છૂટેલી જોઈ વાહનો શિસ્ત પૂર્વક નીકળવા માંડ્યા . લગભગ દોઢ મિનિટમાં ટ્રાફિક મોડરેટ થઈ ગયો. આને કહેવાય ટ્રાફિકનું અહિંસક અને સાત્વિક નિયમન !!!જો કે ગનકાયદેસર હતી કે ગેરકાયદેસર હતી!! ગન રાખવા જે રાજ્ય લેવલની મંજૂરી હતી કે જય માતાજી. આ બધાનો સર્વે કરો તેવી લાગણી છે!!

ટ્રાફિક સિગ્નલની લાલ, પીળા , ઓરેન્જ લાઈટ, સિગ્નલો, માણસો વગેરે હટાવી બંદૂકવાલે બાબા હાયર કરી કો!! અથવા આઉટ સોર્સથી રાખી શકાય. ટ્રાફિક જ્યારે માણસની માફક વકરે તો બાર કે વીસ બેરલની બંદૂક લઈને ટ્રાફિક ડયુટી પર તૈનાત કરો, તમામ ટ્રાફિક પાણીની જેમ પલકારામાં ક્લિયર થઈ જશે તે હું ખાતરીથી કહું છું

ભરત વૈષ્ણવ

## તમામ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓએ જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે મળીને ઉમેદવારોના ખર્ચ વિસ્તાર પ્રમાણે નક્કી કર્યા

નવીદિલ્હી,

દેશમાં લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે, પ્રથમ મતદાન ૧૯મી એપ્રિલે થશે અને ચૂંટણીના પરિણામો ૪ જૂને જાહેર થશે. દરમિયાન, ભારતીય ચૂંટણી પંચ (ઈઝ્રૈં) એ ચૂંટણી ખર્ચને નિયંત્રિત કરવા માટે સૂચનાઓ જારી કરી છે. તમામ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ (ઝ્રઈં) એ જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે મળીને ઉમેદવારોના ખર્ચ વિસ્તાર પ્રમાણે નક્કી કર્યા છે. તમામ સીઈઓએ આ અંગેનો રિપોર્ટ ચૂંટણી પંચને મોકલી દીધો છે. હવે જોવાનું એ રહે છે કે ઉમેદવારો પાણીથી માંડીને ફટાકડા અને ચાથી લઈને પ્રચાર સુધીની દરેક બાબતો પર ખર્ચની મર્યાદા અંગેના નિયમોનું પાલન કરી શકશે કે નહીં. તેમજ આયોગ સમક્ષ કેટલા ઉલ્લંઘનના કેસ આવે છે. આ કારણે ઉમેદવારોએ દરેક પૈસાનું બિલ અને હિસાબ ચૂંટણી પંચને આપવાનો રહેશે. આયોગની સૂચનાથી જિલ્લા કક્ષાએ ઉમેદવારો માટે વસ્તુઓની કિંમત યાદી બહાર પાડવામાં આવી છે. જેમાં ઉમેદવારોના ખર્ચના દર પણ નક્કી કરવામાં આવ્યા છે. યુપીમાં આ વખતે ચા અને સમોસાની કિંમત ૧૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે જ્યારે જલેબીનો દર ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો રાખવામાં આવ્યો છે.સિંગલ નોન-એસી રૂમનો દર ૧૧૫૦ રૂપિયા અને ડબલ બેડનો દર ૧૫૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બે લીટર ઠંડા પીણાની બોટલની કિંમત ૯૦ રૂપિયા, શાકાહારી ભોજનની પ્લેટની કિંમત ૮૦ રૂપિયા અને માંસાહારી પ્લેટની કિંમત ૨૦૦ રૂપિયા રાખવામાં આવી છે. અડધા લિટર પાણીની બોટલની કિંમત ૧૦ રૂપિયા, એક લિટરની ૨૦ રૂપિયા અને બે લિટરની ૩૦ રૂપિયાની કિંમત નક્કી કરવામાં આવી છે. ઈન્ડિકા, વેગન આર, ટાટા સુમો, મારુતિ જીપ્સી નોન-એસીનો દર ૧૧૦૦ રૂપિયા પ્રતિ દિવસ રાખવામાં આવ્યો છે અને આ એસી વાહનોનો દર ૧૨૧૦ રૂપિયા પ્રતિ દિવસ રાખવામાં આવ્યો છે. સ્કોર્પિયો, ટવેરા, ઈનોવા, બોલેરો નોન-એસીનો રેટ ૧૨૯૪ રૂપિયા અને એસી વાહનો માટે ૧૮૧૫ રૂપિયા પ્રતિ દિવસનો દર નક્કી કરવામાં આવ્યો છે. તેલ વગરની ટ્રેક્ટર ટ્રોલી માટે પ્રતિ દિવસ રૂ. ૪૮૪, તેલ વગરની મોટર સાયકલ દ્વારા પ્રચાર માટે રૂ. ૪૦૦ પ્રતિ દિવસ અને સાયકલ પર પ્રચાર કરવા માટે રૂ. ૧૦૦ પ્રતિ દિવસનો દર નક્કી કરવામાં આવ્યો છે. એર કંડિશનરવાળા સિંગલ બેડ રૂમનો દર ૧૬૫૦ રૂપિયા અને ડબલ બેડ રૂમનો દર ૧૮૧૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. આ દરો ત્યારે નક્કી કરવામાં આવ્યા હતા જ્યારે કમિશન લોકસભાની ચૂંટણીની તૈયારીઓને લઈને રાજ્યવાર પ્રવાસ કરી રહ્યું હતું. ત્યારબાદ તમામ સીઈઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે દરેક જિલ્લામાં ઉમેદવારોના ખર્ચ અંગે જે યાદી નક્કી કરવામાં આવી છે તેનું ચુસ્તપણે પાલન કરવામાં આવે.

## ભૂતાનમાં PM મોદીને સર્વોચ્ચ નાગરિક સન્માન મળ્યું

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભુતાનમાં સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવ્યું છે. ભૂતાનમાં આ સન્માન મેળવનાર તે પ્રથમ વ્યક્તિ છે જેમને અન્ય દેશના વડા તરીકે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો છે. ભૂતાનમાં, 'ઓર્ડર ઓફ ધ ડૂક ગ્યાલ્પો' અત્યાર સુધી માત્ર ભૂતાની વ્યક્તિઓને જ આપવામાં આવ્યો છે. ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે તેમની મુલાકાતના પહેલા જ દિવસે પીએમ મોદીને આ એવોર્ડથી સન્માનિત કર્યા છે. અત્યાર સુધી આ એવોર્ડ માત્ર ચાર પ્રતિષ્ઠિત લોકોને આપવામાં આવ્યો છે. અગાઉ ૨૦૦૮માં આ એવોર્ડ રોયલ ક્વીન આશી કેસાંગ વાંગચુકને આપવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. પીએમ મોદીએ આ માટે ભૂતાનના રાજાનો આભાર માન્યો હતો. તમને જણાવી દઈએ કે આ એવોર્ડ માત્ર ભૂતાનના સ્થાપિત પદો માટે જ આપવામાં આવ્યો હતો. તેને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ ગણવામાં આવે છે.

આ પુરસ્કાર ૨૦૦૮માં જ ભૂતાનના ૬૮મા ખેન્પો તેનઝીન ડેટઅપને આપવામાં આવ્યો હતો. ૨૦૧૮ માં જે ખેન્પો ટૂલ્કુ નગાવાંગ જિગ્મે ચોએદ્રાને પણ આપવામાં આવ્યું હતું. જે ખેન્પો ભૂતાનની મધ્ય મઠના સંસ્થાના વડા છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે ભૂતાન પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંપરાગત ભારતીય પોશાકમાં સજ્જ ભૂતાનના યુવાનોના જૂથે શુક્રવારે દેશમાં તેમનું સ્વાગત કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લખેલા ગરબા ગીત પર ડાન્સ કર્યો હતો. અગાઉ, વડા પ્રધાન મોદી 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ હેઠળ ભૂતાન સાથે ભારતના અનન્ય સંબંધોને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે બે દિવસની રાજ્ય મુલાકાતે ભૂતાન પહોંચ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ મુલાકાત દરમિયાન મોદીનું ખાસ સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભૂતાનના યુવાનોના એક જૂથે તાજેતરમાં મોદી દ્વારા લખેલા ગીત પર ગરબા રજૂ કર્યા હતા. મોદીએ તેનો ડાન્સ જોયો અને પ્રદર્શનના અંતે તેની પ્રશંસા કરી. પારો એરપોર્ટ પર વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમનું એરપોર્ટ પર ભૂતાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ સ્વાગત કર્યું હતું. પારો ઈન્ટરનેશનલ એરપોર્ટથી થિમ્પુ સુધીના ૪૫ કિમી લાંબા રૂટને ભારત અને ભૂતાનના રાષ્ટ્રધ્વજથી શણગારવામાં આવ્યો હતો અને રૂટની બંને બાજુ ઉભેલા ભૂતાની લોકોએ વડાપ્રધાન મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ભૂતાનના વડા પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર હિન્દીમાં લખ્યું, ×ભૂતાનમાં આપનું સ્વાગત છે, મારા મોટા ભાઈ.× મોદીને આવકારવા માટે રાજધાની થિમ્પુમાં મોટા બેનર લગાવવામાં આવ્યા છે.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે આ મુલાકાત બંને પક્ષોને પરસ્પર હિતની દ્વિપક્ષીય અને પ્રાદેશિક બાબતો પર મંતવ્યોનું આદાન-પ્રદાન કરવાની અને બંને દેશોના લોકોના લાભ માટે અમારી પરસ્પર અનુકરણીય ભાગીદારીને વિસ્તૃત અને મજબૂત કરવાના માર્ગો અને માધ્યમો પર વિચાર કરવાની મંજૂરી આપશે. ચર્ચાની તક પૂરી પાડશે.

## આ વર્ષે હોળીના તહેવારની સિઝનમાં દેશભરના વેપારમાં લગભગ ૫૦ ટકાનો વધારાનું અનુમાન

નવીદિલ્હી,

આ વર્ષે હોળીના તહેવારથી દિલ્હી સહિત દેશભરના વેપારીઓમાં એક નવો ઉમંગ અને ઉત્સાહનો સંચાર થયો છે અને વેપારના ભવિષ્યને લઈ ફરી એક વખત નવી આશા જાગી છે. ગયા વર્ષના મુકાબલે આ વર્ષે હોળીના તહેવારની સિઝનમાં દેશભરના વેપારમાં લગભગ ૫૦ ટકાનો વધારાનું અનુમાન છે, જેના કારણે દેશભરમાં ૫૦ હજાર કરોડથી વધારેનો વેપાર થયો છે. માત્ર દિલ્હીમાં જ તે ૫ હજાર કરોડ રૂપિયાના વેપારની સંભાવના છે, ગયા વર્ષની જેમ આ વર્ષે પણ



ચીની સામાનનો ના માત્ર વેપારીઓએ પણ સામાન્ય લોકોએ પણ પૂર્ણ રીતે બહિષ્કાર કર્યો છે. હોળીથી જોડાયેલા સામાનની દેશમાં આયાત લગભગ ૧૦ હજાર કરોડની હોય છે, જે આ વખતે ના બરાબર છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય મહામંત્રી અને ચાંદની ચોકથી ભાજપના ઉમેદવાર પ્રવીણ ખંડેલવાલે કહ્યું કે આ વખતે હોળીના તહેવારમાં વેચાણમાં ચીની સામાનનો વેપારીઓ અને ગ્રાહકોએ બહિષ્કાર કર્યો અને માત્ર ભારતમાં જ બનેલા નેચરલ રંગ અને ગુલાલ, પિચકારી, બલૂન, ચંદન, પૂજા સામગ્રી સહિત અન્ય સામાનનું વેચાણ થઈ રહ્યું છે. ત્યારે મિઠાઈઓ, ડ્રાયફ્રૂટ, ગિફ્ટ આઈટમ્સ, ફૂલ અને ફળ, કપડા, એફએમસીજી પ્રોડક્ટ સહિતના અન્ય ઉત્પાદનની પણ માગ બજારોમાં જોવા મળી રહી છે.

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય મહામંત્રી અને ભાજપના ઉમેદવાર પ્રવીણ ખંડેલવાલે કહ્યું કે આ વર્ષે દિલ્હી સહિત દેશભરમાં મોટાપાયે હોળી સમારોહનું આયોજન થઈ રહ્યું છે, જેના લીધે બેક્રવેટ હોલ, ફાર્મ હાઉસ, હોટલ, રેસ્ટોરન્ટ અને સાર્વજનિક પાર્કમાં હોળી સમારોહનું આયોજન થઈ રહ્યું છે. જેના કારણે બે વર્ષ બાદ સારો વેપાર જોવા મળી રહ્યો છે. માત્ર દિલ્હીભરમાં નાના-મોટા મળીને ૩ હજારથી વધારે હોળી મિલન સમારોહ આયોજિત થઈ રહ્યા છે અને તમામ કાર્યક્રમોમાં સામેલ લોકો પર એક નવી ખુશી અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હોળીનો તહેવાર નજીક આવતા જ દિલ્હીના તમામ બજાર પુરી રીતે સજાવી દેવામાં આવે છે. તમામ બજારોમાં દુકાનો પર ગુલાલ અને પિચકારીની સાથે હોળીના અન્ય સામાનની ખરીદી માટે લોકોની ભીડ લાગે છે. મિઠાઈની દુકાનો પર ખાસ કરીને હોળીના દિવસે બનતા ઘુઘરા વધારે પ્રમાણમાં વેચાઈ રહ્યા છે. ખંડેલવાલે કહ્યું કે દિલ્હીમાં ૨૪ માર્ચે હોળી પ્રગટાવવામાં આવશે. જ્યારે ધૂળેટી ૨૫ માર્ચે ઉજવવામાં આવશે. હોળીના રંગમાં બજાર પણ રંગાયેલા દેખાય છે. બજારમાં દુકાનો રંગબેરંગી ગુલાલ અને પિચકારીથી સજેલી છે. દરરોજ લોકોની ભીડ બજારમાં વધતી જાય છે. જેના કારણે બજારમાં લોકોને ચહેલ-પહેલ વધી છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG.ss No. 213**
વિષય :- 'રંગોત્સવ' (હોળી,ધૂળેટી)
પ્રકાર :- પદ્ય (લોક ગીત આધારિત)
શીર્ષક :- ''ફાગણની ફુદરડી'' (શબ્દો :- ૧૦૨)
રચનાકાર : કવિશ્રી યોગેશભાઇ પંડયા 'સ્વજન' જૂનાગઢ.

ફાગણ ફુદરડી ફરે ને ફેર અમને ચડે,
ઢોલી ઢોલ ટીપે ને તાન અમને ચડે.

મારા હાથની તે મહેંદી જાણે હોલી ખેલે,
એવા જોબનિયાના દિવસો જાણે જાદુ મેલે.
ફાગણ ફુદરડી ફરે ને ફેર અમને ચડે.

વાલમ વિદેશે વળે ને આંસુ અમને સરે,
સૈયર ! બીજાના વાંકે તે દખ અમને નડે.
ફાગણ ફુદરડી ફરે ને ફેર અમને ચડે.

વાલમ અમથી તે દૂર દેશ જાતા ફરે,
એવા કિયારે જાનમના પાપ અમને નડે.
ફાગણ ફુદરડી ફરે ને ફેર અમને ચડે.

મારે વાલમનો વિરહ ને ફાગણ ફુલેકે ચડે,
એને કોણ રે સમજાવે બહુ ફૂલ્યો ના ફરે.
ફાગણ ફુદરડી ફરે ને ફેર અમને ચડે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય : રંગોત્સવ
શિર્ષકઃ હોળી/ધુળેટી
પ્રકાર : પદ્ય
લેખિકા : અલકા નવિનચંદ્ર મહેતા
શબ્દો : ૧૭૭

વસંતના વાયરા વાયા સખી!
ચાલ ફાગ ખેલીયે.
રંગોથી રંગીએ એકમેકને,
ને સાથે ધરાનેય રંગીન બનાવીએ.

રંગ ગુલાબી ઉડાડીએ,
મળે સહુંને તંદુરસ્તી ને રૂડું શરીર.
સહું જન સ્વસ્થ અને મસ્ત રહે,
ના થાય કોઈનેય રોગ ગંભીર.

રંગ લીલુડો ઉડાડીએ,
ધરા રહે હંમેશા હરિયાળી.
અન્ન, જળની ખોટના રહે કદીય,
સહું જીવ રોજ મનાવે દિવાળી.

રંગ કેસરિયો ઉડાડીએ,
મા ભોમ રહે સુરક્ષિત આપણી.
દુશ્મનો નજર કરતાંય કાંપે,
દેશવાસીઓમાં જાગે લહેર દેશભક્તિ તણી.

રંગ લાલ ઉડાડીએ,
પ્રેમની સંસ્કૃતિ છે અમારી.
રાધા-કાન્હાની પ્રીત સમી,
સહુની પ્રીત બને અલગારી.

રંગ પીળો ઉડાડીએ,
ભક્તિની શક્તિ વધારી.
નરસિંહ, મીરાંના વંશજ છીએ,
પ્રભુના નામથીજ જિંદગી શણગારી.

રંગો રેલાવીએ હર્ષોલ્લાસના,
કરીયે નિરાશા ને હતાશાને દૂર.
રંગોનું પર્વ આ હોળી છે,
ખેલીયે રંગ સહું ભરપૂર.

વિશ્વ છે ત્રસ્ત રોગો ને યુદ્ધથી,
ચાલ આશ નવી જગાવીએ.
માનવતાને જે મહેંકાવે,
એવી હોળી મનાવીએ.

રંગ શ્વેત ઉડાડીએ,
વિશ્વશાંતિની ચાહના અમારી.
સહું જીવે ને બીજાનેય જીવવા દે,
બસ એક જ પ્રાર્થના અમારી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

★ક્ર.ં. ૨. જી. જી. ર્ક. ૦૧૦૨★.
★વિષયઃ- રંગોત્સવ હોળી અને ધુળેટી★.
★શીર્ષકઃ- હોળી ધુળેટી રંગોત્સવનો આનંદ★.
★પ્રકારઃ- ગદ્ય લેખ★.
શબ્દ સંખ્યાઃ-૨૬૦.
★લેખક નું નામઃ- રતીલાલ વાયડા★
★રચના★-

ફાગણસુદ પૂનમ એ હોળીનો દિવસ છે આ વર્ષે ૨૪મી માર્ચના રોજ આ હોળી ઉત્સવ આવે છે .આખા ભારતમાં મોટેભાગે આ ઉત્સવને ઉજવવામાં આવે છે.

ગુજરાતમાં હોળી ઉત્સવનુ ભારે મહત્વ છે. દરેક શહેરોમાં અને ગામમાં હોળી તૈયાર કરવામાં આવે છે અને સાંજે યોગ્ય મુહૂર્તમાં તેને પ્રગટાવવામાં આવે છે. હોળી પ્રગટી ગયા પછી લોકો તેની પૂજા કરે છે .નાળિયેર .ધાણી. દાળિયા. મગજના લાડુ અને બીજી અનેક વસ્તુઓ હોળીમાં અર્પણ કરે છે . તેની ચારે તરફ પરિક્રમા ફરે છે. નવવિવાહિત્ નાના બાળક. જેને યજ્ઞકોવિ ધારણ કરાવવી હોય તેવા લોકોની ખાસ હોળીની સામે પૂજા કરવામાં આવે છે.

હિરણ્ય કશ્યપ પોતાના પુત્ર પ્રહલાદની ઉપર ભગવાનની ભક્તિ કરતો હોવાને કારણે અનેક જુલમ વર્તાવામાં આવ્યા અને છેવટે તેની બેન હોલિકા ના ખોળામાં બેસાડી અને તેનો હોળીકામાં દહન કરવાનું અને કાયમી નાશ કરવાનું વિચાર્યું. હોલિકાને ન બળવાનું વરદાન હતુ પરંતુ પોતે હોળીમાં બળી ગઈ આમ પ્રહલા જીવતો રહી ગયો. આ કથા બતાવે છે કે આ જગતમાં સત્યનો હંમેશા વિજય થાય છે.

હોળીનો બીજો દિવસ એટલે કે એકમના ફૂલડોલ નો ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. આગામી૨૫મી માર્ચના રોજ આ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે . મોટેભાગે લોકો રંગોત્સવથી આ ઉત્સવની ઉજવણી કરે છે . જુદા જુદા પ્રકારના કોરા અને ભીના રંગો લઈ એકબીજાની ઉપર લગાડે છે અને નિર્દોષ આનંદ પ્રાપ્ત કરે છે. રંગોની બોછાર વરસાવે છે ,આમ આખો દિવસ છેક બપોર સુધી આ રંગોત્સવ લોકો ઉજવે છે, જુદા જુદા ગીતો ગાય છે અને નૃત્ય કરે છે . કેટલાક લોકો ભાંગ વિગેરે જેવા પીણા પગ નો પણ ઉપયોગ કરતા હોય છે.

હોળી અને ફૂલડોલ આ બંને દિવસો ખૂબ જ આનંદના દિવસો છે લોકો મીષ્ઠાન ભોજન કરે છે .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 188**
વિષય : " રંગોત્સવ "
શીર્ષક : " અમારા વખતની હોળી "
પ્રકાર : પદ્ય, શબ્દો : " ૮૬ "
લેખક :?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
ર્ઈર્ઝ (ર્ઈમ), મુ. રાપર.

અમારા વખતની હોળીની વાત અનોખી હતી;
સ્નેહી, સંબંધી અને ભાઈબંધોની ટોળી હતી;

ના હતા પૈસા કે ના અવનવા કોઈ રંગો હતા ને,
હરદળ, ગુલાલથી રમવાની અદા નિરાળી હતી;

હોળી દહન માટે કરતાં એકઠાં છાણાં ને લાકડાં,
બાદમાં મળતી ખજૂર ને શ્રીફળની પ્રસાદી હતી;

સવારમાં લઈ પિચકારી ને ફૂગ્ગા નિકળતાં રમવા,
કોઈને પ્રેમથી તો કોઈને પરાણે હોળી રમાડી હતી;

દિવસભર રમતાં રંગ, કાદવ ને કીચડ વડે હોળી,
દાદી પાસે વાર્તા હોલિકા પ્રહલાદની સાંભળી હતી;

તહેવારો પલટાયા છે ફરવાની રજાઓમાં "વ્યોમ"
આજકાલ પ્રજા પર્વના મહિમાથી દૂર ઠેલાતી હતી;

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.No.0098**
વિષયઃ- "રંગોત્સવ "(હોળી ,ધુળેટી)
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- રસિયા
નામઃ- લીના શર્મા..

ફાગણ સુદ પૂનમના દિવસે હોળીનો તહેવાર આવે છે.આ હિન્દુઓનું સૌથી મોટું તહેવાર છે. હોળીનો તહેવાર ભારતમાં બધી જગ્યા ઉજવાય છે પણ મથુરા વૃંદાવન માં વ્રજવાસીઓ ફૂલ ,ગુલાલ ,લાઠી ફાગ ગીતો ગાઈને આ ઉત્સવને ધામધૂમથી ઉજવે છે. હોળી પહેલા ફાગ મહોત્સવનું પણ મહત્વ હોય છે .આ એક પ્રથા, જેમાં શ્રી કૃષ્ણ જી ની લીલાઓ નું વર્ણન રસિયા(લોકગીત)ગીતોમાં હોય છે.
લોકો મંદિરો માં,ઘરોમાં,ફળિયામાં,મૈદાનો માં ઢોલક ,મંજીરા વાદ્ય યંત્રોથી રસિયા ગાવીને કૃષ્ણ ભક્તિમાં ભાવવિભોર થઈ અનેરો આનંદ મેળવે છે.

"રસિયા"

આજ બિરજ મેં હોરી રે રસિયા?
હોરી રે રસિયા બરજોરી રે રસિયા,
આજ બિરજ.........
કૌન ગામ કો કુંવર કન્હાઈ?
કૌન ગામ કી ગૌરી રે રસિયા?
નંદગામ કો કુંવર કન્હાઈ,
બરસાને કી છોરી રે રસિયા?
આજ બિરજ મેં.........
પાંચ બરસ કો કુંવર કન્હાઈ,
સાત બરસ કી ગોરી રે રસિયા?
આજ બિરજ મેં......
ઈતતે આવે કુંવર કનહાઈ ,
ઉતતે રાધે ગોરી રે રસિયા?
આજ બિરજ મેં......
અબીર ,ગુલાલ ઓર અરગજા ,
કેસર પિચકારી મારી રસિયા?
આજ બિરજ મેં......
સુર શ્યામ પ્રભુ ચતુર શીરોમણી,
કર ગયો મોસે મન માની રે રસિયા? આજ બિરજ મેં હોરી રે રસિયા?
(કૃષ્ણ કનહૈયાલાલ કી જય)
મિત્રો ,આપ સૌને હોળીની રામ-રામ
??હાલોલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- રંગોત્સવ (હોળી, ધૂળેટી)
શિર્ષક :- પ્રીતરંગી 'પ્રીતાર્ષ ' હોળી હોવી જોઈએ
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૧૨૮
નામ :- પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ '

રંગી શકાય સૌ કોઈને એવી રંગારાની બે ચાર ટોળી હોવી જોઈએ,
એકબીજાને મળતા રહીને રંગાવાની એક રંગોળી હોવી જોઈએ.

મારા, તારા, આપણા, બીજાના એ ભેદભાવથી જોજનો દૂર રહી;
તહેવારમાં સઘળું કુરબાન કરે એવી એક ઝોળી હોવી જોઈએ.

અંતર ભલે ને રહ્યું આપણી વચ્ચે, વિતાવેલ સંભારણાંને સ્મરવા;
અબીલગુલાલથી રંગવા રંગાવાની એક રંગસભર ચોળી હોવી જોઈએ.

ક્યારેય સાચા અને સારા આશય માટે મોડું થતું હોતું નથી,
ઈશ્વર સાક્ષીએ શરૂઆત એ સાત્વિક અને ભોળી હોવી જોઈએ.

પિચકારી, ફુગ્ગાં, કેસૂડાં જુદાં જુદાં રંગોની જરૂર જ કેમ પડે ?
શ્યામ કાન્હાની
આભાર - નિહારીકા રવિયા વ્હાલસોયી રાધા ધોળી હોવી જોઇએ.

હોલિકાદહનની પ્રદક્ષિણાએ ધાણી, ખજૂરની આહુતિ દીધા બાદ;
ધૂળેટીએ રંગોની બાલટી 'પ્રીતાર્ષ' પર ઢોળી હોવી જોઈએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :- રંગોત્સવ (હોળી, ધૂળેટી)
શિર્ષક :- રંગની 'પરખ' એ જ 'હર્ષ'ની ધુળેટી
પ્રકાર :- પધ - શબ્દ :- ૧૨૨
નામ :- હસમુખ બી . પટેલ 'હર્ષ'- 'પરખ'

રંગની 'પરખ' એ જ 'હર્ષ'ની ધુળેટી

મનગમતા સંગાથી મળે, છંટાય અબીલગુલાલ એ હોળી ધુળેટીની સવાર છે;
મોજ મજા મસ્તી કરીને રંગો ઠલવાતા જાય એ સ્નેહ ને લાગણી અપરંપાર છે.

વિભક્ત થઈ રહ્યા છે આજકાલ સહવાસ ને સંબંધ બધા ગૂંચવાયેલા દોરા;
એમાંયે એકમેકને જોડી રાખે, બાંધી શકે એવા લાલગુલાબી રંગોના તાર છે.

ના રંગતા અબોલ જીવોને, કાયમ શું કામ લેવા અબોલ જીવોના નિઃશ્વાસ;
રક્ષા કરવા અબોલ જીવની કેસુડો ને ગુલાલના વિશ્વાસની અહીં ધાર છે.

રંગ સંગ જલદી વહી જાય છે સમય, પ્રગટેલ હોળીની કરીએ પ્રદક્ષિણા;
પ્રેમ, લાગણી, શ્રધ્ધા, સ્નેહના રંગની 'પરખ', એ જ 'હર્ષ' ધુળેટીનો સાર છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**
વિષય હોળી ( રંગોની રાણી)
પદ્ય
શીર્ષક કાના
પ્રવિણા કડકિઆ

---

મારી વાત સાંભળો

કાના પિચકારી ના માર

મારો સાજન રુઠ્યો છે

સાજનને મનાવી લાવીશ.

તમારી સંગ હોળી ખેલીશ

હોળીમાં રંગે રંગાઈશ.

કાલાવાલા કરી લાવીશ

હું રૂઠીને માન માગીશ

કાના અને સાજન સંગ હોળી ખેલીશ !

ડૉ. ભરત જાદવની ગઝલનું રસદર્શન ...

મળી શકું છું ક્યાં હવે કશે કોઈ નિવાસમાં?
ભળી ગયો છું હું અહીં ફક્ત હવાના શ્વાસમાં.

જવું અમારે તો પણે અલખ ગગનના ગોખમાં,
વરસવું ધારધાર છે સદા અકળ લિબાસમાં.

ધજા થવાને ક્યાં કદી શિખર પ્રયાણી હું થઉં ?
અપાર જાવું છે મને તો રિક્તતાના પ્રાસમાં.

ભલા હથેળીમાં તને મળે એ ક્યાંથી ઓસ પણ?
મળી જશે ચરણ તળે ઝીણાં-ઝીણાં જ ઘાસમાં.

ન થા હરીફ તું કશે ય પ્રેમના મેદાનમાં,
જનૂનથી રમે છે શીદ ધડકનોના રાસમાં?

ખરી ગયેલ પર્ણ જો ગમી ગયાં છે અંતરે,
ભરત વસે છે એટલે તો એમના જ શ્વાસમાં.

ડો. ભરત જાદવ "નિરપેક્ષ"
વડોદરા

હવા અને શ્વાસ સમા નિરાકાર તત્વમાં આત્મ પ્રસ્થાપિત થવાનું સૌભાગ્ય કેવળ સુગંધિત કર્મિતાને જ સાંપડે છે. ઉપરોક્ત છ શેરની ગઝલના નાયક મુક્ત વિહાર નિર્બંધિત રીતે નિર નિવાસિત થઈ કરે છે.
જેના અસ્તિત્વની કેવળ અનુભૂતિ એનાં સાધ્યને જ થઈ શકે. એથી જ ભરત જી સુદ્રઢ પણે એમના ન હોવાપણાંને હવાઈ શ્વાસની સુગંધિત અનુભૂતિમાં એમના મત્લાના શેરમાં આમ લહેરાવે છે.

"મળી શકું છું ક્યાં હવે કશે કોઈ નિવાસમાં?
ભળી ગયો છું હું અહીં ફક્ત હવાના શ્વાસમાં."

મળી શકું છું ક્યાં હવે? એ પ્રશ્નાર્થ એ કેવળ આકારિત જીવોને કરી, નિરાકારતાની અનંત સૃષ્ટિ વિશે એમને સજાગ કરે છે.

બીજો શેરમાં શાયર નિરાકાર અવકાશની ધોધમાર વરસતી સંચેતનાને નિજ જાતમાં સંચારિત કરી, એક વાર ફરી અકળ અલખના ગોખમાં એમને નિવાસિત કરે છે.
આ અધ્યાત્મગતિ એ જ શાયરને વરદાનિત હોય છે. જે નિર્વિચારક અધિ ચૈતન્યના જનમજાત પ્રવાસી હોય. એ સંદર્ભે કવિ એમના ત્રીજા શેરમાં ઊઘડવાના જ છે.હાલ બીજા શેરની ગતિને પ્રમાણી આપણે ય અલખની ગૉખના ભક્તિ દીપમાંથી ઝળહળી નખશિખ ભીંજાઈએ.

"જવું અમારે તો પણે અલખ ગગનના ગોખમાં,
વરસવું ધારધાર છે સદા અકળ લિબાસમાં."

અલખ ગગનગોખ આ શાયર કાજે જાણે મેઘરાજાનો જ નિવાસ ન હોય.કવિ આ શેરમાં ધોધમાર વરસી પડે છે. પણ વાદળના લિબાસમાં નહીં. અદ્રશ્યપણે જ
એમની લીલા મારા આ એક હિન્દી શેર જેમ કરે છે.

"વો બરસતા હી ચલા હૈ હમ નહાતે હી ચલે હૈં.
પાક હોને કા તરીકા ઈસસે બેહતર તો નહીં હૈ."

ત્રીજા શેરની શિખરસ્થ અવસ્થા વિશે કવિ કેવા રિક્ત અજય પ્રવાસી થાય છે. એ દ્રશ્ય ચિત્ર શેરમાં માણીએ.

"ધજા થવાને ક્યાં કદી શિખર પ્રયાણી હું થઉં ?
અપાર જાવું છે મને તો રિક્તતાના પ્રાસમાં."

માનવ મન હર હંમેશ કોઈ પણ સફળતાના શિખર પર ધ્વજ પ્રત્યારોપણ કાજે જ સંકલ્પ બદ્ધ રહે છે. જ્યાં અને જ્યારે એની
વિજય પતાકા ત્યાં લહેરાય છે .ત્યારે એ ખરેખર અખિલના સ્વામીત્વ પ્રાપ્તિના ઉલ્લાસમાં આંદોલિત થાય છે. એથી વિપરિત આ કશું ય ન પ્રસ્થાપિત કરવાની
ગતિ ખેડતા નિરાકાર સંવેદનાના શાયર તો અખિલની રિક્તતાના પ્રાસમાં પોતાની નિર્ગુણ કબીરી વણાટ ઝંખે છે.

ચોથો શેર હવે નિરાકારી પ્રતીકોથી હટી આપણને દ્રશ્યમાન એવાં પરંતુ કોમળ, ઝાકળમય સંવેદનામાં ઝીણું ઝીણું કાંતે છે.
અહીં જે રીતે હથેળી અને ચરણના અસ્તિત્વનો વિરોધાભાસ રચાયો છે. એ ખરેખર માણવા સમો છે.

"ભલા હથેળીમાં તને મળે એ ક્યાંથી ઓસ પણ?
મળી જશે ચરણ તળે ઝીણાં-ઝીણાં જ ઘાસમાં."

હથેળીમાં તો સકળ ઝીલી શકાય. કારણ એમાં ભાગ્ય રેખાઓ અંકિત હોય છે. પણ એ હથેળીમાં કશું ય ક્યાંથી ઝીલાય જે સુકોમળ ફૂલ સમી ન પાંગરતી હોય? એનાં કરતાં તો ચરણ ભાગ્યશાળી હોય છે. જેનાં તળે ઝાકળ ઘાસ પત્તીઓ પર એનાં સોનેરી મહેલ બાંધતું હોય છે. એ વિશે મારા એક શેર પણ પ્રમાણી જોઈએ.

"ઝાળવીને ચાલવાની ટેવ પાડી દો હવે.
કોક ઘર બાંધી રહ્યું છે પગ તળે આ ઘાસમાં. "

પાંચમો શેર હવે અહીં એની દિશાઓ બદલી મનોવિજ્ઞાન સમીકરણ સાધી, માનવને પ્રશાંત ચિત્ત નિજાનંદી થવા માટેની
પ્રેરક અનુભૂતિ કરાવે છે. એક તરફ એ આજના યુગની માનસિક અરાજકાતા તરફ અંગુલી નિર્દેશ કરે છે. તો બીજી તરફ એ મિથ્યા હોડનો સકારાત્મક ફોડ પણ સાધે છે.

"ન થા હરીફ તું કશે ય પ્રેમના મેદાનમાં,
જનૂનથી રમે છે શીદ ધડકનોના રાસમાં?"

પ્રેમ વિષયક આત્મસમર્પણની અનુભૂતિ તો નરસિંહ અને મીરાં સમા સંત કવિઓ જ કરાવી શકે. આપણે ય સદભાગી છીએ કે એક એવા જ ચૈતન્યનો ઝબકાર આપણી સર્જકતામાં ઝીલાતો આવ્યો છે.એથી જ સવિશેષ રાજેન્દ્ર શુક્લ જેવા જૂનાગઢી કવિઓના સાન્નિધ્યમાં પાંગરેલ દાહોદના અમે શાયરો હું, ડો. અંકુર દેસાઈ તેમ જ
ઉપરોક્ત કવિ ભરત ભાઈ પણ એમનાં સર્જનમાં અત્રતત્ર ઝળકતા રહ્યાં છે. એ મર્મ ઉદ્ઘાટન ડો. અંકુરના નીચેના શેરથી કરી,
ભરત ભાઈનો શેર ઉઘાડીએ.

'આખા જનમનું તપ સકળ અર્પણ તને.
હો પાર મનથી એવું બળ અર્પણ તને.'
ડો. અંકુર દેસાઈ

પ્રેમનું મેદાન આ કવિ કાજે રણમેદાન નહીં પણ પ્રેમ ભક્તિ રાસનો સદૈવ ધડકતો વ્રૂંદાવની ચોક જ છે.

અંતિમ શેરમાં ફરી કવિ શ્વાસ નિવાસિત થાય છે. પરંતુ એ જીવંત હવાના પ્રવાહિત નહીં પરંતુ ખરી પડેલ પર્ણ રૂપી જીવના મોક્ષગામી શ્વાસમાં વસી જઈ અને એમનું અંતિમ પ્રયાણ આમ કરે છે.

"ખરી ગયેલ પર્ણ જો ગમી ગયાં છે અંતરે,
ભરત વસે છે એટલે તો એમના જ શ્વાસમાં."

મૂળ દાહોદના હાલ વડોદરા ખાતે ફર્ટિલાઈઝર શાળામાં આચાર્યનું પદ સોહાવતા આ પરા અધ્યાત્મ પ્રવાસી એમની દ્વિભાષિય ગીત ગઝલ લેખનીમાં
નિરંતર રત છે..આ પૂર્વે એમણે "નિરાકાર પાર' કાવ્ય સંગ્રહ પ્રકાશિત કરી સાહિત્યની અનન્ય સેવા કરી ચૂક્યા છે. હાલ "ફિલિંગ્સ" સામયિકમાં માનદ સેવા આપી રહ્યાં છે.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ


# જાહેર ચેતવણી

આથી અમો સુધીર કંચનલાલ શાહ રહે.૦૨,રાજદીપ એપાર્ટમેન્ટ શંકર આશ્રમની સામે શિવકુંજ ચાર રસ્તા,અમદાવાદ.નાઓ આથી જણાવીએ છીયે કે, અમારો પુત્ર દર્શિક શાહ અમારા કહ્યામાં નથી જેથી હવે અમારે તેની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રહેલ નથી. અમોએ અમારી તમામ સ્થાવર તથા જંગમ મિલકતમાંથી તેઓને બેદખલ કરેલ છે. જેથી હવે પછી તેમની સાથે કોઈએ કોઈ પણ પ્રકારના નાણાકીય કે અન્ય વ્યવહારો કરવા નહી અને આમ છતાં જો કોઈ વ્યવહારો તેઓની સાથે કરશે તો તે અંગેની તમામ જવાબદારી જે તે વ્યક્તિની પોતાની અંગત રહેશે તેમાં અમારી કે અમારા પરિવારના અન્ય સભ્યોની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં જેની નોંધ લેવી.

અમદાવાદ, તા.૧૩/૦૩/૨૦૨૪
શ્રી.સુધીર કંચનલાલ
શાહ
મારી મારફતે

**Sonal Joshi.Advocate**
2,-26,safalvivan Bunglows,B/h
Maruti Suzuki Show
room,S.G.Highway. Near,Gota over
Bridge.Gota. Ahmedabad. 382481.
Mobile: 9727153985

## લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ : અચૂક મતદાન કરો

# ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેએ કલોલ મત વિભાગમાં ચૂંટણીમાં ફરજ અદા કરનાર અધિકારી- કર્મચારીઓ સાથે બેઠક યોજાઇ




### -જિલ્લા ચૂંટણી અધિકારીએ ૩૮ કલોલ મતદાર વિભાગના સ્ટ્રોંગ રૂમ અને પોસ્ટલ બેલેટ સ્ટ્રોંગ રૂમ, બોરીસણાના આદર્શ મતદાન મથક, ની મુલાકાત લીધી : જરૂરી સૂચન- માર્ગદર્શન આપ્યું

ગાંધીનગરઃ રવિવારઃ

ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મત વિભાગમાં લોકસભા સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ અને નિર્ભય માહોલમાં યોજાય તેના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેએ કલોલ મત વિભાગના અધિકારી- કર્મચારીઓ સાથે કલોલ ખાતે બેઠક યોજી હતી.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં જિલ્લાની ૩૮ કલોલ મતદાર વિભાગનો સમાવેશ થાય છે. જિલ્લા કલેકટર શ્રી મેહુલ દેસાઇએ આ મતદાર વિભાગની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન તેમણે બોરીસણા – ૯ હોલી ચાઇલ્ડ સ્કુલ ખાતે તૈયાર કરવામાં આવનાર આદર્શ મતદાન મથકની મુલાકાત લઇને તેના વિશેની માહિતી કલોલ પ્રાંત અધિકારી અને મદદનશી ચૂંટણી અધિકારી શ્રી જૈનિલ દેસાઇ પાસેથી મેળવી હતી. તેની સાથે તેમણે આ મત વિભાગમાં નિયત થયેલ કલોલની સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ ખાતેના સ્ટ્રોંગ રૂમ અને પી.બી રૂમની મુલાકાત લીધી હતી. ત્યાં આગળ થયેલ સુવ્યવસ્થિત થયેલ આયોજનની માહિતી મેળવી હતી. પ્રત્યેક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ અંગેનું જરૂરી સૂચન અને માર્ગદર્શન પણ આપ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં કલોલ મતદાર વિભાગમાં લોકસભા સામાન્ય ચૂંટણી સંદર્ભે થયેલ પૂર્વ આયોજન બાબતે સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આ મત વિભાગના તમામ અધિકારી અને કર્મચારીઓ પાસેથી વ્યક્તિગત રીતે તેમની કામગીરી અંગેના આયોજનની માહિતી મેળવી હતી. કલેકટરશ્રીએ ૩૮ કલોલ મતદાર વિભાગમાં આદર્શ મતદાન મથક, સખી મતદાન મથક, યુવા મતદાન મથક, દિવ્યાંગ મતદાન મથક સહિત મતદાન જાગૃત્તિ અંગેના કાર્ય અને મતદારોની મતદાન મથક ખાતેની સુવિધાની માહિતી મેળવી હતી. તેમજ યુવા મતદારો સહિત મતદારો વધુમાં વધુ મતદાન કરે તેવા સુચારું આયોજન કરવા વિસ્તૃત માહિતી આપી હતી. ૮૫ વર્ષથી મોટી વયના મતદારોને ઘરે બેઠા મતદાનની સુવિધા અંગેની સમજ પણ આપી હતી.

આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પાર્થ કોટડિયા, ચૂંટણી શાખા, ગાંધીનગરના મામલતદાર શ્રી ડૉ. આર.કે.પટેલ સહિત કલોલ પ્રાંત અધિકારી, મામલતદાર સીટી અને ગ્રામ્ય અને ચૂંટણી પ્રક્રિયામાં ફરજ અદા કરનાર કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાલ્મિકી સમાજ ના ૪૦ પરિવારો ને કરાયું દાન

# છાપી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા હોળી ના તહેવાર નિમિતે સાડી અને ધોતી નું વિતરણ કરાયું



વડગામ તાલુકાના છાપી ખાતે કાર્યરત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, છાપી દ્વારા રવિવારે હોળી તેમજ ધુળેટી ના પાવન પર્વ ની ઉજવણી સંસ્થા ના ચેરમેન સુરેશભાઈ અગ્રવાલ ના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા છાપી માં વસવાટ કરતા વાલ્મિકી સમાજ ના ચાલીસ પરિવારો ની મહિલાઓને સાડી તેમજ પુરૂષો ને ધોતી આપી ઉમદા સેવા કાર્ય નું કામ કર્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ ના વા.ચેરમેન શાંતિલાલ મહેશ્વરી , સેક્રેટરી ગીરીશભાઈ મેવાડા , કારોબારી સભ્ય જનકભાઈ બારોટ , મોરારજીભાઈ પરમાર વેપારી મંડળ ના મંત્રી મહેશભાઈ મોદી ,મહંમદભાઈ બગા , દિલીપભાઈ બારોટ , ડેરી ના મંત્રી પચાંણભાઈ પટેલ સહિત ની ટિમ ઉપસ્થિત રહી ઉજવણી કરી હતી.છાપી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા છેલ્લા ૩૪ વર્ષથી છાપી પંથક માં અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. આ સદ કાર્ય ને વાલ્મિકી સમાજ ના આગેવાન બાબુભાઈ વાલ્મિકી એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચાણસ્મા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે હોળીના દિવસે માતાઓની યોજાઈ અનોખી દોડ

ચાણસ્મા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે વર્ષોની પરંપરા મુજબ છેલ્લા ૭૦૦ વર્ષથી હોળીના દિવસે જે પરિવારમાં પ્રથમ પુત્ર નો જન્મ થયો હોય તેવા પુત્રની ઝેમના ભાગરૂપે માતાઓની દોડ યોજાય છે જેમાં ગામની અંદર આવેલા વેરાઈ માતાજીના મંદિરેથી ગોગા મહારાજના મંદિર સુધી એક કિલોમીટરની દોડ યોજાઇ હતી આ દોડમાં ૧૧ મહિલાઓએ ભાગ લઈને પોતાના બાળકને તંદુરસ્તી માટેની માતાજીને પ્રાર્થના કરી હતી આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ આજુબાજુના લોકો ઉપસ્થિત રહ્યા હતાપાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે આજે બપોરના સમયે એક અનોખી માતાઓની દોડ યોજાઈ હતી જેમાં આ બાબતે ગ્રામજનોને પૂછતા જણાવ્યું હતું કે આ દોડ છેલ્લા ૭૦૦ વર્ષથી પરંપરાગત ચાલી આવે છે જેમાં બ્રાહ્મણવાડા ગામે મોટાભાગના ચૌધરી સમાજના લોકો વસવાટ કરે છે ત્યારે ગામની અંદર જે પરિવારમાં પહેલો પુત્ર જન્મે છે તે પરિવારમાંથી હોળીના દિવસે ઝેમની ઉજવણીના ભાગરૂપે ગામની અંદર આવેલ વેરાઈ માતાજીના મંદિરેથી ગોગા મહારાજના મંદિર સુધી એક કિલોમીટરના અંતરની દોડ લગાવવામાં આવે છે જેમાં આજે હોળીના દિવસે યોજાયેલી દોડમાં ૧૧ મહિલાઓ સામેલ થઈ હતી અને પોતાના પુત્રની તંદુરસ્તી માટેની પ્રાર્થના કરી હતી



# વાઈબ્રન્ટ વિદ્યાલયમાં ધુળેટીનો રંગોત્સવ ઉજવવામાં આવ્યો...

થરાદ ખાતે આવેલ સુથાર સમાજ ની વાડી, આશાપુરા વાસ ની પવિત્ર ભૂમિ પર વાઈબ્રન્ટ વિદ્યાલય માં ધુળેટી નો તહેવાર ઉજવવામાં આવ્યો. જેમાં બાળકો દ્વારા પિચકારીઓ અને કલર અલગ અલગ રંગના સાથે લઈને આવ્યા અને એકબીજા બાળકોને રંગ છાંટી ને હિન્દી ગીત પર રમ્યા અને કલરથી આખું વાતાવરણ રંગબેરંગી થઈ ગયું. સાથે પાયલબેન પઢીયાર, હરેશભાઈ વાઘેલા, ઠાકરા ભાઈ ધુળેટી નો તહેવાર ઉજવ્યો હતો. ત્યારબાદ પાયલ બેને ધુળેટી તહેવાર વિશે બાળકોને સમજાવ્યું હતું. જેમાં




આ તહેવારનો પ્રથમ દિવસ હોળી અને બીજો દિવસ ધુળેટી તરીકે ઓળખાય છે. હોળી ફાગણ માસની પુનમનાં દિવસે મનાવવામાં આવે છે. આ દિવસે સાંજે ગામનાં પાદર કે મુખ્ય ચોક જેવા સ્થાન પર છાણા, લાકડાં ની 'હોળી' ખડકવામાં આવે છે. ત્યાર બાદ બધાં લોકો ત્યાં વાજતે ગાજતે (ઢોલ,શરણાઇ જેવાં વાજીંત્રો વગાડતાં) એકઠા થાય છે અને હોળી પ્રગટાવવામાં આવે છે. લોકો તેની પ્રદક્ષિણા કરે છે. તેમજ શ્રીફળ વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી તેમનું પૂજન કરે છે. ધુળેટી તહેવાર વિશે સમજાયું ત્યારબાદ બધા જ બાળકોને નાસ્તો કરાવીને તહેવાર ઉજવ્યો.



આ કાર્યક્રમ મા લાભાર્થીઓ મોટી સંખ્યા હાજર રહયા હતા દર્દીઓ ને દવા ફી આપવામાં આવી હતી આ કેમ્પ નુ મોનાર્ક આયુવેદીક કોલેજ ના સહયોગ થી કરવામા આવ્યુ હતુ આ પ્રસંગે ઉધોગપતિ જગદીશ ચંદ્ર અગ્રવાલ. નિવૃત ડી વાય એસ પી તરૂણ બારોટ.દહેગામ નગર પાલિક પ્રમુખ હાજર રહ્યા હતા આ કાર્યક્રમ નુ સંચાલન વૃદધાશ્રમ ના ટ્રસ્ટીઓ રમેશ ચૌહાણ. ભરત ભાઈ શેઠ. હિરેન મેવાડા .જયશ્રી શાહ એ ક્યુ હતુ

# ભાજપમાં ઉમેદવારો સામે અંદરો અંદર આંતરિક અસંતોષ, હજુ ઘણાં નામ બદલાય તેવી શક્યતા



વડોદરા અને સાબરકાંઠા બેઠક પરથી ભાજપના ઉમેદવારોએ ચૂંટણી લડવા સ્વૈચ્છિક રીતે ના પાડી દીધી છે ત્યાં આણંદ બેઠક પર પણ કકળાટ જામ્યો છે. ફરી ટિકિટ આપતાં ભાજપના સ્થાનિક નેતાઓએ વિરોધ નોંધાવ્યો છે જેના પગલે મોડી રાત્રે તેડુ આવતાં ભાજપના ઉમેદવાર મિતેષ પટેલ દિલ્હી દોડ્યા છે. આ કારણોસર હવે આણંદ બેઠક પર પણ ભાજપ ઉમેદવાર બદલે તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે.

**બે-ચાર બેઠકો પર ઉમેદવાર બદલવા પડે તેવી સ્થિતી**

ભાજપ હાઈકમાન્ડે અત્યાર સુધીમાં કુલ મળીને ગુજરાતમાં ૨૨ ઉમેદવારોના નામોની ઘોષણા કરી છે. તેમાં ય હવે સાબરકાંઠા અને વડોદરામાં ઉમેદવારોએ ચૂંટણી લડવા ઈન્કાર કર્યો છે જેના પગલે હવે કોને ટિકિટ આપશે તે અંગે રાજકીય અટકળો થવા માંડી છે. આ ઉપરાંત અમરેલી, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને મહેસાણામાં હજુ ભાજપ ઉમેદવાર શોધી શકી નથી. ઉમેદવારની પસંદગીને લઈને કોકડુ હજુ ઉકેલાયુ નથી. ત્યાં અન્ય બે-ચાર બેઠકો પર ઉમેદવાર બદલવા પડે તેવી સ્થિતી નિર્માણ થઈ છે.

**ભાજપના ઉમેદવાર મિતેષ પટેલને તેડુ આવ્યુ**

શુક્રવારે મોડી રાતે આણંદ બેઠકના ભાજપના ઉમેદવાર મિતેષ પટેલને તેડુ આવ્યુ હતું જેના પગલે તેઓ દિલ્હી હાઈકમાન્ડના દરબારમાં હાજર થયા હતાં. ફરી એક વાર મિતેષ પટેલને ટિકિટ અપાતા સ્થાનિક નેતા નારાજ થયા છે. અસંતુષ્ટોએ દિલ્હી સુધી રજૂઆત કરી મિતેષ પટેલ વિરૂધ્ધ ચિઠ્ઠો ખોલ્યો છે. જોકે, એવી ચર્ચા છેકે, દિલ્હીમાં શું રંધાયુ તેનો ખુલાસો થઈ શક્યો નથી પણ મિતેષ પટેલને દાવું છેકે, એણંદ બેઠક પર તેઓ જ ચૂંટણી લડશે. હાઈકમાન્ડ ઉમેદવારમાં કોઈ બદલાવ કરશે નહીં.

**મહેસાણામાં કોને ટિકિટ મળશે ? બાયોડેટા મંગાવાયા, દાવેદારો કમલમ દોડ્યાં**

મહેસાણા બેઠક પર ભાજપને ઉમેદવાર મળતો નથી. આ બેઠક પર વર્તમાન સાંસદ શારદાબેન પટેલ ચૂંટણી લડવાનો ઈન્કાર કરી ચૂક્યા છે. આ બેઠકના પ્રબળ દાવેદાર નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પણ ચૂંટણી મેદાન છોડ્યુ છે. આમ છતાંય મહેસાણામાં કોને ટિકિટ આપવીને તે અંગે મૂંઝવણ છે. એવી માહિતી મળી છેકે, દિલ્હીમાં ભાજપ પાર્લામિન્ટરી બોર્ડની બેઠક મળવા જઈ રહી છે તે દરમિયાન ગુજરાત ભાજપે મહેસાણા બેઠક માટે બાયોડેટા મંગાવ્યા છે. લોકસભાની ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારો બાયોડેટા લઈ કમલમ દોડ્યા છે. આઉપરાંત રાજકીય ગોડફાધરો નાનિવાસસ્થાને આંટાફેરા શરૂ કર્યા છે. આમ, મહેસાણામાં ફરી એકવાર ઉમેદવારની શોધખોળ આદરવામાં આવી છે.

**વલસાડમાં બબાલ, ઉમેદવાર ધવલ પટેલને બદલો**

વલસાડમાં સાંસદ કે.સી પટેલને ઘેર બેસાડી ભાજપે ધવલ પટેલને મેદાને ઉતાર્યા છે પણ નામની જાહેરાત થતાં જ સ્થાનિક નેતા-કાર્યકરો ભડક્યા છે. સ્થાનિક ભાજપના નેતાઓ કહી રહ્યા છેકે, અમે ધવલ પટેલને ઓળખતાય નથી. પ્રચારમાં ધવલ પટેલે ઓળખ આપવી પડે છે. ધવલ પટેલ વિરુધ્ધ એવો રોષ પ્રવર્તી રહ્યો છેકે, પત્રિકાવોર જામ્યો છે. વલસાડ બેઠક પર પણ આયાતી હોવાના નાતે ઉમેદવાર બદલવાની માંગ ઉઠી છે. હવે આ બેઠક પર પણ અસંતુષ્ટોનો રોષ ઠારવા માટે ભાજપ ડેમેજકંટ્રોલ કરવા મથામણ કરી રહ્યું છે.

**જૂનાગઢમાં ગીતા માલમ ડાર્ક હોર્સ બની શકે છે**

જૂનાગઢ બેઠક પર કોને ચૂંટણી મેદાને ઉતારવા એ ભાજપ હાઈકમાન્ડ હજુ નક્કી કરી શક્યુ નથી. આ જોતાં આ બેઠક પર ઉમેદવારના નામની જાહેરાત વિલંબમાં મૂકાઈ છે. વર્તમાન સાંસદ રાજેશ ચુડાસમાની વિદાય લગભગ નક્કી છે. ડો.ચગ આત્મહત્યા કેસ રાજેશ ચુડાસમાને નડી શકે છે. જૂનાગઢ બેઠક પર દાવેદારોની લાઈન છે ત્યારે આ બેઠક પર ભાજપ ગીતાબેન માલમને ટિકિટ આપે તેવી સંભાવના છે.

**હજુ 'મારે ચૂંટણી નથી લડવી'એવુ ટ્વિટ આવશે**

સાબરકાંઠા-વડોદરા બેઠક પર ભાજપના ઉમેદવારોએ ટ્વિટ કરીને ચૂંટણી નહી લડવા એલાન કર્યું છે. જે રીતે ઉમેદવારોના નામ જાહેર થયા બાદ ભાજપમાં આંતરિક જૂથવાદ વકર્યો છે. એટલું જ નહીં, અસંતોષની જવાળા ભભૂકી છે તે જોતાં ખુદ ભાજપના નેતાઓ જ કહી રહ્યા છેકે નામો જાહેર થયા બાદ પણ આગામી દિવસોમાં હજુ મારે ચૂંટણી લડવી નથી તેવુ ટ્વિટ આવે તો નવાઈ નહી. ભાજપના કાર્યકરો જોકે, 'હું ચૂંટણી નહી લડું', એવું ટ્વીટ આવે નહીં એવી આશા રાખી રહ્યા છે.

# જુનાગઢના અભિનેત્રીને "હાથ સે હાથ"જોડો એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા

મહેશ એલ. સોની
નખત્રાણા

જુનાગઢના શેર બજાર સાથે સંકળાયેલ જાણીતાં શ્રી મારૂ કંસારા સોની સમાજનાં અગ્રણી શ્રી નિલેશ ભાઈ મેવચાના ધર્મ પત્નિ તેમજ નાની વયે ખૂબ સાહસ કરી સહસવીર તરીકે આખા ગુજરાતમાં જાણીતા થયેલા જશરાજ મેવચાના મમ્મી પલ્લવીબેન મેવચા ×હાથ સે હાથ જોડો × યુ ટ્યુબ એવોર્ડ માટે પસંદગી પામ્યા હતા તે



અંતર્ગત તા ૨૩ /૩/ ૨૪ ના રોજ રાજકોટ ખાતે પૂર્વ ધારાસભ્ય શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ શક્તિસિંહ ગોહિલ તથા જય રાઠોડ દ્વારા યોજાયેલ ×યુ ટ્યુબ એવોર્ડ× ફંક્શન માં શ્રીમતી પલ્લવીબેન નિલેશભાઈ મેવચા (જૂનાગઢ) ને યુ ટ્યુબ અભિનેત્રી તરીકેનો એવોર્ડ ૨૫૦૦૦ ની માનવ મેદની વચ્ચે એનાયત કરવા માં આવેલ. પલ્લવી બેનને આ એવોર્ડ મળતા ઠેર ઠેર થી અભિનંદન મળી રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.